ગુજરાત સમાચાર
Sun
For more News Click » ww

# સ્ટાર્ટઅપ અને રિસર્ચ દ્વારા જ ગુજરાતની કેમિકલ ડાઈ ઈન્ડસ્ટ્રીઝને બચાવી શકાશે

## આઈઆઈટીમાં ડાઈ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝની પોલિસી વિશે સેમિનાર યોજાયો

આઈઆઈટી ગાંધીનગર ખાતે સીઆરટીડીએચના સહયોગથી ટેક્સટાઈલ અને ડાઈ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રોડક્શનમાં આવતી સમસ્યાઓનું નિવારણ લાવવા માટે સેમિનાર યોજાઈ ગયો, સેમિનારમાં એમએસએમઈને કેવી રીતે ઝીરો હેઝાર્ડ તરફ લઈ જવી તેના વિશે ચર્ચા કરવામાં આવી હતી. કારણ કે, ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં કાપડ બનાવવામાં આવે છે ત્યારે જે ડાઈ કેમિકલનો ઉપયોગ થાય છે તેનાથી પર્યાવરણને મોટી માત્રામાં નુકસાન વેઠવું પડે છે. ગુજરાતની કેમિકલ ડાઈ ઈન્ડસ્ટ્રીઝને બચાવવા વિશે ડેપ્યુટી કમિશનર ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝન ડી.આર. પરમારે કહ્યું કે, ઝીરો હેઝાર્ડ્સ કેમિકલ પોલિસી ૨૦૨૦ દ્વારા ગુજરાતના કેમિકલ ડાઈ બિઝનેસને નુકસાન થવા કરતા પર્યાવરણને ફાયદો થશે. જેથી એમએસએમઈએ આ પોલિસીને અપનાવવી જોઈએ. સેમિનારમાં ૫૦થી વધારે સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ જોડાઈ હતી.

### કેમિકલ સ્ટાર્ટઅપને આઈઆઈટી પ્લેટફોર્મ આપશે

નાની ઈન્ડસ્ટ્રીઝમાં ઝીરો હેઝાર્ડ્સ કેમિકલ કાયદો લાગુ કરવા માટે સારા રિસર્ચ અને સ્ટાર્ટઅપની જરૂર છે જેથી આગામી સમયમાં આવા કોઈ સ્ટાર્ટઅપ કે રિસર્ચરને આઈઆઈટી એક પ્લેટફોર્મ આપશે. જ્યાં સ્ટાર્ટઅપ માટે ઈન્ક્યુબેશન સેન્ટર સ્થપાશે, જેમાં સ્ટાર્ટઅપ સારી રીતે રિસર્ચ કરી નવી ટેક્નોલોજી વિકસાવી શકે તેવું વાતાવરણ આપવામાં આવશે. **- પ્રો. ચિન્મય ઘોરોઇ, આઈઆઈટી**

### ભારતની ૮૦ ટકા ડાઈ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાતમાં છે

ભારતની ૮૦ ટકા કેમિકલ ડાઈ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાતમાં છે, તેમાંથી મોટાભાગની સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ તરીકે કામ કરે છે. જો તેઓ આગામી સમયમાં ઝીરો હેઝાર્ડ્સ પોલિસીને અનુસરી બિઝનેસ નહી કરે તો ગુજરાતનો ડાઈ બિઝનેસ મૃતઃપાય બનશે. ૨૦૨૦ની ઝીરો હેઝાર્ડ્સ પોલિસી અંતર્ગત જો ડાઈ પ્રોડક્શન કંપનીએ કેમિકલ યુક્ત પાણી છોડશે, તો તેમની પાસેથી ટેક્સટાઈલ મટીરિયલ ખરીદવામાં આવશે નહી.

**Title:** Gujarat’s chemical and dye industries can be saved through start-up and research
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 01)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20181028_3
**Date:** 28/10/2018